જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૬/૨૦૧૮ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૧૨૧૬/૧૮

સાબરમતી પોલીસ સ્ટેશન :-

**સાબરમતી પોલીસ સ્ટેશન દ્વારા પ્રોહીબીશનના આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

આગામી રથયાત્રા અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિ.શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્ત પણે સુચન કરેલ હોય જે સુચના આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં પ્રોહીની પ્રવુતી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશી દારૂ જથ્થો રાખી ખાનગીમા વેચાણ કરતો નામે ઇન્દ્રવદન ઉર્ફે બચ્ચન સ/ઓ સોમાભાઇ પરમાર ઉ.વ.-૪૬,રહે- વણકરવાસ કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર નાઓ વિરૂધ્ધ દેશી દારૂ તથા ઇગ્લીશ દારૂના કેશો શોધી કાઢી સદરી આરોપીને આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક-પીસીબી/DTN/પાસા/૪૯૩/૨૦૧૮ તા:૨૫/૦૬/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરી હુકમ આધારે સદરી આરોપીને આજરોજ તા:૨૭/૦૬/૨૦૧૮ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## રાણીપ પોલીસ સ્ટેશન :-

રાણીપ પો. સ્ટે. દ્વારા પ્રોહીબીશનની પ્રવૃત્તી કરતા ઇસમની પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવૃત્તી સદંતર નેસ્તનાબુદ કરવા સારુ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં પ્રોહી.ની પ્રવૃત્તી આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે ગેરકાયદેસર દેશીદારુનો જથ્થો રાખી ખાનગીમાં વેચાણ કરતા ઇસમ નામે દિલીપસિંહ રઘુવીરસિંહ રાજપુત ઉ.વ. ૨૦ રહે બી/૮૯ પુનિત સોસાયટી કાળીગામ ગરનાળા પાસે રાણીપ અમદાવાદ ની વિરુધ્ધમાં દેશીદારુના કેસ શોધી કાઢી સદરીની આવી પ્રવૃત્તી પ્રોહી કલમ-૯૩ કે. બી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોઇ સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમીશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરતા સદરીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી આજરોજ તા,૨૭/૬/૦૧૮ ના રોજ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે

## ઓઢવ પોલીસ સ્ટેશન :-

મિલ્કત સબંધી ગુનાના આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

મે.પોલીસ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સપેક્ટર.ઓઢવ પો સ્ટેશન.નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા હે.કો.દીલીપસિંહ કીશોરસિંહ બનં-૭૫૮૯ તથા પો.કો પંકજભાઈ નારણભાઈ બનં-૧૦૧૯૦ તથા એલ.આર.હરદીપસિંહ ભગીરથસિંહ બનં-૧૩૩૨ તથા એલ.આર રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન મળેલ બાતમી આધારે ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૪૭/૧૮ ધી ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબના ગુનામા સંડોવાયેલ આરોપી અલ્તાફ અહેમદ ઉર્ફે આદમ સ.ઓ લઈકઅહેમદ ઉર્ફે કલ્લુભાઈ જાતે.અંસારી ઉવ.૧૯ રહેવાસી-મનં-૭૨ વિશ્ર્વનાથનગર સુંદરમનગર અજીતમીલ પોલીસ ચોકીની પાછળ બાપુનગર અમદાવાદ શહેરનાઓને પકડી ગુનાના કામે પુછપરછ કરતા આજથી ત્રણ માસ પહેલા પોતે તથા પોતાના મિત્ર ભેગા મળી પોતાની કબ્જાની એવેંજર મો.સા નંબર જીજે-૨૭-બીક્યુ-૪૧૮૧ ઉપર આવી સોનીની ચાલી બ્રીજ ઉતરતા એક એકટીવાની પાછળ બેઠેલ બેનના ગળામા પહેરેલ સોના ચેઈન ખેંચી લઈ નાશી ગયેલ જે ગુનાની કબુલાત કરતો હોય જેથી સદરી આરોપીને ઉપરોકત ગુનાના કામે આજરોજ તા.૨૭/૦૬/૨૦૧૮ ના કલાક.૨૧/૪૫ વાગે પકડી અટક કરવામા આવેલ છે તપાસ ચાલુ છે. તા.૨૭/૦૬/૨૦૧૮

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"વેજલપુર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "વેજલપુર" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.






નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.